સુવિચાર : દુઃખનું તો થઈ પડશે, પરંતુ સુખનો આનંદ માણવા માટે તમારે તેમાં કોઈ ભાગ પડાવનાર તો જોઈએ જ - સંત રોબીન

તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૫૮ | ૧૮ ઓગસ્ટ, ૨૦૧૫, મંગળવાર ; શ્રાવણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- બેંગકોકમાં મંદિર પાસે પ્રચંડ બ્લાસ્ટ : ૨૭ના ફુરચે ફુરચા
- નિતિશ કટારા પ્રકરણ : વિકાસ, વિશાલ અપરાધી તરીકે યથાવત
- મનમોહનસિંહ સામે સમન્સ જારી કરવા કૌડાની માંગણી
- ઘાસચારાના કેસમાં લાલુને નોટિસ મળી
- ઈમ્પેક્ટ ફી મુદ્દતમાં વધુ છ માસનો વધારો કરાયો
- પાક. દ્વારા ફરી એકવખત યુદ્ધવિરામનો ભંગ કરાયો
- શ્રીલંકા સામેની બાકી બે ટેસ્ટ મેચમાં ધવન રમી શકશે નહીં
- આતંકવાદી દ્વારા સંપર્ક માટે નેટવર્કિંગ સાઇટોનો ઉપયોગ
- અચ્છે દિન : ટિચરોને પણ હવે લાખો રૂપિયાનો પગાર
- ઈન્ડિગો ૨૫૦ એ૩૨૦ વિમાન માટે કટિબદ્ધ છે
- અંડરવર્લ્ડ ડોન તરફથી અરજીત સિંહને ધમકી
- મેગી સામે ૬૪૦ કરોડના દાવાને આખરે સ્વિકારાયો
- અમિતાભ અને જયા ફરી સાથે નજરે પડશે

# એકવીસમી સદી - એશિયાની સદી બનાવીએ

મસદર,તા. ૧૭

વડાપ્રધાન મોદીએ સંયુક્ત અરબ અમીરાત (યુએઈ)ના મૂડીરોકાણકારોને આમંત્રિત કરતાં દૂર કરવા માટે તરત પગલા લેશે.

મોદીએ મસદર શહેરમાં યુએઈના ટોચના કારોબારીઓ, ઉદ્યોગપતિઓ સાથે વાતચીત કરતાં



કહ્યું હતું કે, ભારતમાં હાલમાં એક હજાર અબજ ડોલરના મૂડીરોકાણની શક્યતા રહેલી છે અને સરકાર આ દેશના કારોબારીઓની ચિંતાઓને કહ્યું હતું કે, વિરાસતમાં કેટલીક સમસ્યાઓ નવી સરકારને મળી છે. તેઓ માત્ર સારા પાસાઓને ગ્રહણ કરીને સમસ્યાઓને અલગ જોડી શકે તેમ નથી.

યુએઈની યાત્રા કરનાર પ્રથમ વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, યુએઈના રોકાણકારો માટે ભારતમાં મૂળભૂત સંરચના, ઊર્જા, રિયલ

**યુએઈને ૧ હજાર અબજ ડોલરનું રોકાણ કરવાનું મોદીનું આમંત્રણ : યુએઈના ટોપ કારોબારી, ઉદ્યોગપતિ સાથે બેઠક : ઊર્જા, રિયલ એસ્ટેટ અન્ય તમામ ક્ષેત્રોમાં ભારતમાં રોકાણની વ્યાપક તકો હોવાની ખાતરી**

એસ્ટેટમાં રોકાણની વ્યાપક તક રહેલી છે. યુએઈના રોકાણકારોને અપીલ કરી હતી કે, ભારતમાં મૂડીરોકાણ કરવા માટે તેઓ આગળ આવે. મળીને ૨૧મી સદીને એશિયાની સદી બનાવવામાં આવે તે જરૂરી છે. આઈએમએફ, વિશ્વ બેંક, મૂડી જેવી પ્રમુખ વૈશ્વિક સંસ્થાઓ પણ નક્કરપણે માને છે કે ભારત દુનિયાની સૌથી ઝડપથી આગળ વધતા અર્થતંત્ર પૈકી છે. તેમાં વિકાસની વ્યાપક તક રહેલી છે. મોદીએ ઉમેર્યું હતું કે, ભારત એકબાજુ અતિઝડપથી વિકાસ કરી રહ્યું છે ત્યારે બીજીબાજુ વિશ્વ એશિયા તરફ નજર કરી રહ્યું છે. પરંતુ યુએઈ વગર એશિયા અપૂર્ણ છે. તેઓ નિહાળી શકે છે કે યુએઈને એશિયાના મુખ્ય કેન્દ્ર તરીકે હોવું જોઈએ.

યુએઈની શક્તિ અને ભારતની ક્ષમતા મળીને આને એશિયાની સદી બનાવી શકે છે. બીજીબાજુ રોકાણકારોએ વડાપ્રધાનની સામે ભારતમાં કારોબારની જટીલ સમસ્યાઓ મુકી હતી. તેમણે કહ્યું હતું કે, ચીજોની મંજુરી માટે સિંગલ વિન્ડો વ્યવસ્થાની જરૂર છે.

વાતચીતમાં કારોબારીઓએ એમપણ કહ્યું હતું કે, સરકાર કારોબાર માટે યોગ્ય માહોલ બનાવીને આગળ વધે તે જરૂરી છે. રોકાણકારોની સુરક્ષાની પણ જરૂર છે.

# અબુધાબીમાં પ્રથમ હિંદુ મંદિરનું નિર્માણ કરાશે

## સંયુક્ત અરબ અમીરાત સરકારે જમીન ફાળવવાનો નિર્ણય કર્યો

અબુ ધાબી,તા. ૧૭

અબુ ધાબીમાં પ્રથમ હિંદુ મંદિરના નિર્માણ માટે જમીન ફાળવવાનો સંયુક્ત અરબ અમીરાતે નિર્ણય કર્યો છે. આની સાથે જ અબુ ધાબીમાં પ્રથમ હિંદુ મંદિરનું નિર્માણ થનાર છે. ભારત સરકારે યુએઈ સરકારના આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. મોદીએ પણ આના માટે આભાર માન્યો છે. દુબઈમાં હાલમાં બે હિંદુ મંદિર અને એક શિખ ગુરુદ્વારા છે, પરંતુ અબુ ધાબીમાં કોઈ મંદિર નથી. ભારત અને યુએઈ વચ્ચે સંબંધોને વધુ મજબુત કરવાની દિશામાં આને મોટી પહેલ તરીકે ગણવામાં આવે છે. દિલ્હી સ્થિત થિંકટેંક ઓબ્જર્વર રિસર્ચ ફાઉન્ડેશનના ઉપપ્રમુખ સમીર સારને એક ટીવી ચેનલને કહ્યું છે કે, યુએઈએ આ પ્રકારના સાહસ માટે જમીન ફાળવીને અધિકાર મેળવી લીધો છે. જુલાઈ ૨૦૧૩માં એક અગ્રણી અંગ્રેજી અખબારે સુત્રોને ટાંકીને કહ્યું હતું કે, એક મુસ્લિમ બિઝનેસમેને અબુધાબીમાં મંદિરના નિર્માણ માટે પાંચ એકર જમીન દાનમાં આપી હતી. બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની અંદર રહેલા સુત્રોને ટાંકીને વર્ષ ૨૦૧૩માં એક અંગ્રેજી અખબારે આ અંગેના અહેવાલ આપ્યા હતા.

# પાટીદાર અનામત મામલે વાટાઘાટો નિષ્ફળ

## વધુ એક વખત વાટાઘાટો યોજાય તેવા સંકેતો : પાટીદાર સમુદાય દ્વારા શક્તિ પ્રદર્શનનો દોર જુદા-જુદા વિસ્તારોમાં જારી : સુરતમાં પણ જોરદાર પ્રદર્શન

અમદાવાદ,તા. ૧૭

પાટીદાર સમુદાયના શક્તિપ્રદર્શનના દોર વચ્ચે આજે અનામતના મુદ્દે પાટીદાર સમુદાયના પ્રતિનિધિ અને ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલી ખાસ ટીમ વચ્ચેની મંત્રણા ફલોપ રહી હતી. મંત્રણા ફલોપ રહેવા માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા. સરદાર પટેલ ગ્રુપ અને પાટીદારોમાં આંતરીક મતભેદો સપાટી પર દેખાઈ આવ્યા હતા. મંત્રણા બાદ સરકાર સાથે વાતચીત કરનાર પ્રતિનિધિઓમાં જુદા-જુદા અભિપ્રાય જોવા મળ્યા હતા. અનામતના મામલે આજે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. સમિતિના અધ્યક્ષ નિતિનભાઈ પટેલે કહ્યું હતું કે, એક-એક બેઠકમાં તમામ મુદ્દાઓનું નિરાકરણ આવી જાય તે જરૂરી નથી.સાથે-સાથે આ પ્રકારની અપેક્ષા રાખવી પણ યોગ્ય નથી. તમામ પરિબળોને ધ્યાનમાં રાખી સમાજના તમામ વર્ગના હિતમાં નિર્ણય લેવામાં આવનાર છે. કોઈપણ નિર્ણય લેતા પહેલાં સરકાર બંધારણીય, કાયદાકીય અને અન્ય વહિવટી પાસામાં ધ્યાન આપશે. હાલમાં પાટીદાર સમુદાયનું

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

# સોલિડ વેસ્ટના પાયલોટ પ્રોજેક્ટ માટે મનપામાં એક અવાજ

ગાંધીનગર, તા. ૧૭

સે. ૨૧માં સોલિડ વેસ્ટ માટેનો પાયલોટ પ્રોજેક્ટ રૂ. ૬૦ કરોડના અંદાજિત ખર્ચ સાથે અમલી બનાવવાની દરખાસ્તનો તેમજ બહુમાળી ભવનનો કબ્જો મનપાને સોંપવાની માંગણી કરતો પ્રસ્તાવ આજે સામાન્ય સભાએ મંજૂર કરેલ છે.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષપદે મળેલ આ સામાન્ય સભામાં આ બન્ને પ્રસ્તાવો સર્વાનુમતે મંજૂર થયા હતા.

મેયર શ્રીમતિ મોદીએ જણાવ્યું હતું કે આ પાયલોટ પ્રોજેક્ટનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવવાની છે. સ્માર્ટ સીટીમાં ગાંધીનગરનો સમાવેશ થયો હોઈ આ પ્રોજેક્ટની દરખાસ્તને આવકારીએ છીએ.

આ દરખાસ્ત પર રજુઆત કરતાં ભાજપના શ્રી સંદીપ જ્યોતિકરે જણાવ્યું હતું કે વસ્તી અને વાણિજ્ય ક્ષેત્રે તેમજ વિસ્તારની દષ્ટિએ સે. ૨૪ મોટુ છે તેથી સે. ૨૪નો સમાવેશ સે. ૨૧ના સ્થાને કરવો જોઈએ.

શ્રીમતિ મોદીએ જણાવ્યું હતું કે સેકટરની પસંદગી અને પ્રોજેક્ટ બન્ને સરકારના છે આપણે માત્ર અનુમોદન આપવાનું છે.

બહુમાળી ભવનનો કબ્જો મનપાને સોંપવાની માંગણી કરતા પ્રસ્તાવમાં પણ મનપાના આગામી દિવસોમાં થનાર વિસ્તાર અને જરૂરિયાતને ધ્યાને રાખી સોંપવાની વાત કરાઈ હતી.

આ બન્ને પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર થયા હતા. આજની સામાન્ય સભામાં ભાજપમાંથી જ્યોતિકર અને મનુભાઈ પટેલ છવાયેલા રહ્યા હતા તો કોંગ્રેસમાંથી જીતી રાયકા, હર્ષજીત પંડ્યા, અશ્વિન વ્યાસ, હસમુખ મકવાણા, અશોક શ્રીમાળી, ચિમનભાઈ વિંઝુડા છવાયેલા રહ્યા હતા.

**કમાવાની ઉત્તમ તક**

**S. H. Infotech**

**ઘરે બેઠા ગેરેન્ટેડ પૈસા કમાઓ**

ઓનલાઈન, ઓફલાઈન ડેટા એન્ટ્રી કામ માટે તથા એરપોટ જોબ માટે મળો.

૩૩૩/બી, ત્રીજો માળ, સુપર મોલ-૧, ઈન્ફોસીટી, ગાંધીનગર.

**મો. ૮૧૫૬૦ ૪૮૦૬૩, ૯૧૭૩૦ ૮૨૫૧૬**

**સિવિલ એન્જીનીયર જોઈએ છે**

ગાંધીનગરમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર આશરે ૫ વર્ષનો અનુભવ ધરાવતા સાઈટ એન્જીનીયરની જરૂર છે.

બાયોડેટા સાથે મળો :

**નવકાર રીયલ્ટી પ્રા.લી.**

૪૧૭,નાલંદા એન્કલેવ, સુદામા રીસોર્ટની સામે, પ્રિતમનગરનો પહેલા ઢાળ, એલિસબ્રીજ, અમદાવાદ. સમય : ૪ થી ૭

